**SHETH ANANDJI KALYANJI**
(A Religious Charitable Trust) Representative of All India Jain Shwetamber Murtipujak Shree Sangh
Regn. No. A/1299/Ahmedabad.

**શેઠ આણંદજી કલ્યાણજી**
(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ) અખીલ ભારતીય જૈન શ્વેતાંબર મુર્તિપૂજક શ્રી સંઘના પ્રતિનિધી
ટ્રસ્ટ રજી. નં. એ/૧૨૯૯/અમદાવાદ.

જા.નં. ૩૭૨ તા.: - 5 JUN 2020

## શ્રી ગિરનારજી મહાતીર્થની યાત્રા અંગેની મહત્વની માર્ગદર્શિકા

**આ માર્ગદર્શિકા કેન્દ્ર અને રાજ્ય સરકારની મંજુરી અને નિયમોને આધીન રહેશે.**

પરમપવિત્ર શ્રી ગિરનારજીની સ્પર્શના, જિનાલયો અને જિનબિંબોના દર્શન, વંદન, પૂજનનો અતિ મહાન લાભ મહાપુણ્યોદયે આ ભરત ક્ષેત્રના પુણ્યાત્માઓને મળ્યો છે.
અસાધારણ સંજોગોમાં લગભગ બે માસથી શ્રી ગિરનારની યાત્રા બંધ રાખવી પડી છે.
વિ.સં. ૨૦૭૬ જેઠ વદ ૩, ૮ મી જૂન ૨૦૨૦, સોમવારથી શ્રી ગિરનારજીની યાત્રા (માત્ર દર્શન કરવા પૂરતી) શરૂ કરવામાં આવશે.

પૂજ્ય ગુરૂભગવંતોના માર્ગદર્શન અને યાત્રિકોની ભાવનાને ધ્યાનમાં રાખીને યાત્રા થાય તે માટે પેઢી યથોચિત પ્રયાસ કરી રહી છે. જે સરકારની મંજુરી અને નિયમોને આધીન રહેશે.

આ સંબંધમાં પૂજ્ય ગુરૂભગવંતો, પૂજ્ય સાધ્વીજી મહારાજ સાહેબો અને યાત્રિકોએ અનુશાસનનું ચુસ્તપણે પાલન કરવાનું છે. જેથી શાસનની શોભા વધે. અનુશાસનમાં લેશમાત્ર ખામી જણાશે તો પૂનઃ યાત્રા બંધ થશે, માટે દરેક પૂજ્ય ગુરૂભગવંતો, પૂજ્ય સાધ્વીજી મહારાજ સાહેબો અને યાત્રિકોએ સંપૂર્ણ સહકાર આપવો પડશે.

૧. પરમ પાવન શ્રી ગિરનારજીની તળેટીથી યાત્રા શરૂ કરો ત્યારે તળેટીએ પેઢીની ઓફીસ પાસે તમારા હાથને સેનીટાઈઝ કરી અને ટેમ્પરેચર ગનથી ઉષ્ણતામાન ચેક કરાવીને જ આગળ યાત્રા માટે પ્રવેશ થશે તેમજ યાત્રા દરમ્યાન મુખ ઉપર સારી ગુણવત્તા વાળુ "માસ્ક" અવશ્ય લગાવવુ જરૂરી છે.

૨. ગિરનારજી પહેલી ટુંકના પ્રવેશદ્વાર ઉપર પણ ટેમ્પરેચર ગનથી ઉષ્ણતામાન ચેક થશે અને તે ચેક કરાવવું ફરજીયાત રહેશે.

૩. શક્ય હોય ત્યાં સુધી હાથમાં "હેન્ડ ગ્લોવઝ" પહેરીને જ યાત્રા કરશો તેવી ખાસ વિનંતી.

Head Office : "Shreshthi Lalbhai Dalpatbhai Bhavan"
25, Vasantkunj, New Sharda Mandir Road,
Paldi, Ahmedabad - 380 007.
Ph. : 079-26644502, 26645430
Tele Fax : 079-26608244, 26608255
E-mail : shree_sangh@yahoo.com
Office : Patni's Khadki, Zaveriwad,
Ahmedabad - 380 001. Phone : 079-25356319

**હેડ ઓફિસ :** "શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન"
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ,
પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
ફોન : ૦૭૯-૨૬૬૪૪૫૦૨, ૨૬૬૪૫૪૩૦
ટેલીફેક્સ : ૦૭૯-૨૬૬૦૮૨૪૪, ૨૬૬૦૮૨૫૫
**ઓફિસ :** પટણીની ખડકી, ઝવેરીવાડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯

SHETH ANANDJI KALYANJI
(A Religious Charitable Trust) Representative of All India Jain Shwetamber Murtipujak Shree Sangh
Regn. No. A/1299/Ahmedabad.

શેઠ આણંદજી કલ્યાણજી
(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ) અખીલ ભારતીય જૈન શ્વેતાંબર મુર્તિપૂજક શ્રી સંઘના પ્રતિનિધી
ટ્રસ્ટ રજી. નં. એ/૧૨૯૯/અમદાવાદ.

જા.નં. તા. :

૪. સોશ્યલ ડીસ્ટન્સીંગ જળવાય તે હેતુથી....

(A) ગિરનારજી ઉપર શ્રી નેમિનાથ ભગવાનના દર્શન જિનાલયના રંગમંડપ માંથી કરવાના રહેશે, પરંતુ તેમાં પણ ક્રમબદ્ધ સોશ્યલ ડીસટન્સનો અમલ કરવા પૂર્વક ૬ ફુટનું અંતર રાખીને જ દર્શન થઈ શકશે, અને દર્શન કરીને તુરંત જ વ્યવસ્થા પ્રમાણે રંગમંડપમાંથી બહાર આવી જવાનું રહેશે.

(B) અન્ય પૂજા ધૂપ-દીપક-અક્ષત-ફળ-નૈવેધ-ચામર પૂજા હાલ શરૂ કરેલ નથી. ચૈત્યવંદન-ખમાસમણ - કાઉસગ્ગ વગેરે વિધિ બહારની ભમતીમાં અંતર જાળવીને કરવાની રહેશે, યાત્રિકો કોઈ પણ પ્રકારની પ્રદક્ષીણા કે અન્ય વિધિ દાદાની નાની ભમતીમાં કરી શકશે નહિ.

(C) યાત્રા દરમ્યાન સ્વયંસેવકો/સ્ટાફની સુચનાનો અમલ કરવો અને સહકાર આપવો. સંજોગોવસાત તેઓ જે સૂચના આપે અથવા ફેરફાર કરે તો તરત જ સ્વીકારી લેવા વિનંતી છે.

સૌથી અગત્યનું....

યાત્રા સવારે ૬.૦૦ થી બપોરે ૧૨.૦૦ કલાક સુધી જ ચાલુ રહેશે.

પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો માટે....

આપ પૂજ્યશ્રીઓને નમ્ર વિનંતી કે, પૂજ્ય દાદાના દર્શન કરીને આપ શ્રી દાદાના જિનાલયના પ્રથમ રંગમંડપમાં આપની ક્રિયા કરી, શક્યતઃ વહેલાસર અનુકૂળતા મુજબ સહવાસન કે તળેટી તરફથી ઉતરી જવા વિનંતી છે.

યાત્રાળુઓ માટે અગત્યની સૂચનાઓ....

૧. દરેક યાત્રાળુઓએ પહેલી ટુંકમાં નામ અને મોબાઈલ નંબરની નોંધણી કરાવવી. ફોટો આઈડી વાળુ ઓળખકાર્ડ આવશ્યક છે.

૨. તમને જો કફ-શરદી-ખાંસી કે જીણા તાવ જેવી બીમારી જણાતી હોય તો યાત્રાનો આગ્રહ ના રાખશો.

૩. યાત્રા દરમ્યાન છુટ્ટા છુટ્ટા પગથીયા ચઢવાનું તથા ચાલવાનું રાખશો.

૪. શારીરિક સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને પાણી પીવાની જરૂરિયાત હોય તે યાત્રિકોએ પોતાની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.

Head Office : "Shreshthi Lalbhai Dalpatbhai Bhavan"
25, Vasantkunj, New Sharda Mandir Road,
Paldi, Ahmedabad - 380 007.
Ph. : 079-26644502, 26645430
Tele Fax : 079-26608244, 26608255
E-mail : shree_sangh@yahoo.com
Office : Patni's Khadki, Zaveriwad,
Ahmedabad - 380 001. Phone : 079-25356319

હેડ ઓફિસ : "શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન"
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ,
પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
ફોન : ૦૭૯-૨૬૬૪૪૫૦૨, ૨૬૬૪૫૪૩૦
ટેલીફેક્સ : ૦૭૯-૨૬૬૦૮૨૪૪, ૨૬૬૦૮૨૫૫
ઓફિસ : પટણીની ખડકી, ઝવેરીવાડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯

SHETH ANANDJI KALYANJI
(A Religious Charitable Trust) Representative of All India Jain Shwetamber Murtipujak Shree Sangh
Regn. No. A/1299/Ahmedabad.

શેઠ આણંદજી કલ્યાણજી
(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ) અખીલ ભારતીય જૈન શ્વેતાંબર મુર્તિપૂજક શ્રી સંઘના પ્રતિનિધી
ટ્રસ્ટ રજી. નં. એ/૧૨૯૯/અમદાવાદ.

જા.નં. તા. :

૫. આશાતનાથી બચવા ગિરનારજીની પરમપવિત્ર ભૂમિ ઉપર થુંકવાનું હોય જ નહીં, આમ છતાં શારિરીક કારણસર થુંકવાનૂ કે કફ કાઢવાનું થાય તો તે માટે તમારે હાથ રૂમાલ સાથે રાખવો અને તેનો જ ઉપયોગ કરવો.

૬. તળેટીએ દર્શન કરીને તુરંત જ યાત્રાનું પ્રસ્થાન કરવાનું રહેશે.

૭. ૧૦ વર્ષથી નાના અને ૬૫ વર્ષથી વધુ ઉંમર હોય તેઓને સાથે ન લાવવા વિનંતી છે.

૮. પહેલી ટૂંકે પ્રવેશતા પોતાના પગરખા, કપડાના બુટ, મોજા સ્વયં ઉતારીને પોતાની સાથે લાવેલ કપડાની થેલીમાં મુકી દેવાના રહેશે.

૯. સરકારની માર્ગદર્શિકા તથા પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને પૂજા શરૂ કરવાની વ્યવસ્થા ભવિષ્યમાં ગોઠવવામાં આવશે અને પ્રભૂ ભક્તિનો લાભ વધારે મળી શકે, તે રીતે નિયમોમાં ફેરફાર કરવામાં આવશે.

૧૦. ઉપરોક્ત માર્ગદર્શિકામાં ફેરફાર કે સુધારા વધારા કરવાનો અબાધિત હક્ક ટ્રસ્ટનો રહેશે.

દર્શનં દેવ દેવસ્ય, દર્શનં પાપ નાશનમ્
દર્શનં સ્વર્ગ સોપાનમ, દર્શનં મોક્ષ સાધનમ્

પરમ કરૂણાસાગર દેવાધીદેવના દર્શન થાય એ પણ મહાન ભાગ્યોદય છે.

પૂ. દાદાને પ્રાર્થના કરવી કે, હે પરમકૃપાળુ પરમાત્મા, આપના પ્રભાવથી વિશ્વમાં શાંતી - થાઓ.

સૌ જીવો સુખી - થાઓ.

કોરોના મહામારી શાંત થશે ત્યાર બાદ પૂર્વવત્ પૂ. દાદાની ભક્તિનો લાભ દરેક પુણ્યાત્માઓને મળશે.

તા.ક. : ઉપરોક્ત માહીતી પેઢીની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે.

ટ્રસ્ટી

Head Office : "Shreshthi Lalbhai Dalpatbhai Bhavan"
25, Vasantkunj, New Sharda Mandir Road,
Paldi, Ahmedabad - 380 007.
Ph. : 079-26644502, 26645430
Tele Fax : 079-26608244, 26608255
E-mail : shree_sangh@yahoo.com
Office : Patni's Khadki, Zaveriwad,
Ahmedabad - 380 001. Phone : 079-25356319

હેડ ઓફિસ : "શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન"
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ,
પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
ફોન : ૦૭૯-૨૬૬૪૪૫૦૨, ૨૬૬૪૫૪૩૦
ટેલીફેક્સ : ૦૭૯-૨૬૬૦૮૨૪૪, ૨૬૬૦૮૨૫૫
ઓફિસ : પટણીની ખડકી, ઝવેરીવાડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯